For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ફર્નિચરના ગોડાઉનમાં લાગેલી આગની જ્વાળા ત્રણ કિમી સુધી દેખાઈ

# દેવધના ગોડાઉનમાં ભીષણ આગ

**આગની** જાણ થતાં શહેરના 15 ફાયર સ્ટેશનનો સ્ટાફ ફાયર ફાઈટરો સાથે દોડી ગયો

**આગને** કાબૂમાં લેવામાં આશરે ચારેક કલાક લાગ્યા, મોડી રાત્રે કુલિંગની કામગીરી શરૂ

**ગોડાઉનમાં** લાકડાની સાથે ફર્નિચર બનાવવામાં વપરાતી જ્વલનશીલ સામગ્રીને કારણે આગ વધુ વિકરાળ બની

**સદભાગ્યે** આગમાં કોઈ જાનહાનિ થઈ નથી, કુલિંગ બાદ તપાસ કરાશે

સુરતઃ શહેરનાં ગોડાદરા સ્થિત દેવધ ગામની સીમમાં આજે સાંજે ફર્નિચર બનાવવાના અંબિકા નામના ગોડાઉનમાં એકાએક આગ ભભૂકી ઉઠતા ભારે ભાગદોડ મચી જવા પામી હતી. ગોડાઉનમાં લાકડાની સાથે સાથે ફર્નિચર બનાવવા માટે વપરાતા લાકડા, ગુંદર અને કેમિકલ જેવા જ્વલનશીલ પદાર્થોને કારણે આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ ભીષણ આગની ઝપેટમાં એકથી વધુ ગોડાઉન આવ્યા હતા. આગ એટલી ભીષણ હતી કે તેની જોરદાર લપેટો અને ધૂમાડાનાં ગોટેગોટા 3 કિ.મી. દૂરથી દેખાતા હતા. આગની જાણ થતાં 15 જેટલાં ફાયર સ્ટેશનોનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને આગ ઓલવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. મોડી રાત્રે આગ ઉપર મોટાભાગનો કાબુ મેળવી લેવામાં

...અનુસંધાન પાના 5 પર

### રાજ ટેક્સટાઈલની આગ વખતે પાણી ખૂટ્યું હોવાથી આ વખતે પહેલેથી જ વોટર બાઉઝરો મંગાવી લેવાયા હતા

થોડા દિવસ પહેલાં જ શહેરનાં પુણાગામ સ્થિત રાજ ટેક્સટાઈલ માર્કેટમાં ભીષણ આગ લાગી હતી. તે સમયે આગ ઓલવવામાં માર્કેટમાં પાણી ખૂટી પડ્યું હતું તેથી ફાયર બ્રિગેડે અલાયદા વોટર બાઉઝરો મંગાવી પાણીની વ્યવસ્થા કરવી પડી હતી. આજે સાંજે ગોડાદરા સ્થિત દેવધ ગામમાં પણ આવી જ સ્થિતિ સર્જાતા ફાયર બ્રિગેડની ટીમે 20 થી 30 જેટલાં વોટર બાઉઝરો મંગાવી લીધા હતા.

### આજુબાજુનાં અન્ય ગોડાઉનોમાં આગ લાગતા ફાયર બ્રિગેડે બચાવી લીધી

દેવધ ગામમાં જે અંબિકા ફર્નિચરનાં ગોડાઉનમાં આગ લાગવાનો બનાવ બન્યો હતો તેની આસપાસ બીજા અનેક ફર્નિચરો તથા અન્ય ગોડાઉનો આવ્યા છે. આજે સાંજે આગ લાગવાનો કોલ મળતાની સાથે જ 15થી વધૂ ફાયર સ્ટેશનોનો કાફલો સ્થળ ઉપર પહોચી ગયો હતો. ફાયર બ્રિગેડની સમય સુચકતાને કારણે આગ આગળ વધી ન હતી તેને કારણે આજુબાજુનાં બીજા ગોડાઉનનો બચાવ થયો હતો.



### ગોડાઉનમાં પ્લાયવૂડ અને સનમાયકા હોવાથી આગ વિકરાળ બની

ફાયર બ્રિગેડની ટીમો સ્થળ નજીક હતી ત્યારે જ ગોડાઉનમાં આગ લાગી ગઈ હતી. તેથી ફાયર બ્રિગેડની ટીમો દ્વારા સતત પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. અંદાજે 2થી અઢી કલાકની ભારે જહેમતે છેક મોડી સાંજે આગ કાબુમાં આવી હતી. બાદમાં કુલિંગની કામગીરી કરવામાં આવી હતી. આગ લાગવાને કારણે ગોડાઉનમાં રાખેલો મોટાભાગનો પ્લાઈવુડનો જથ્થો, લાકડાની સનમાઈકા તથા એસેસરીઓ

...અનુસંધાન પાના 5 પર

# ક્રિસમસને કારણે ટ્રેનોમાં લાંબુંલચક વેઇટિંગ લિસ્ટ

**સુરતથી** ગોવા, કેરળ, સીધી ટ્રેનો ભરચક થઇ જતાં ફ્લાઇટનાં ભાડાં આસમાને

સુરત : થર્ટીફર્સ્ટની ઉજવણી માટે ફરવાના સ્થળો તરફ સુરતી લાલાઓએ દોટ મૂકી છે. સુરતથી ગોવા, કેરળ, મથુરા અને દિલ્હી સહિત તમામ રૂટ પરની ટ્રેનોમાં મુસાફરનો ધસારો વધી ગયો છે. જેને કારણે આ રૂટ પરની ફ્લાઇટના ભાડા આસમાને પહોંચી ગયા છે. કન્ફર્મ ટિકિટ મેળવા માટે મુસાફરો દોડધામ કરી રહ્યા છે.

મળતી માહિતી મુજબ આગામી નાતાલ અને નવા વર્ષના સપ્તાહના અંતે મુસાફરીની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે. આની સીધી અસર સુરતમાંથી પસાર થતી લાંબા અંતરની ટ્રેનો અને ફ્લાઇટ ભાડા ઉપર પડી રહી છે. સુરત અને ગોવા, મથુરા, દિલ્હી, કેરળ અને રાજસ્થાન વચ્ચે દોડતી રાજધાની એક્સપ્રેસ સહિતની મુખ્ય ટ્રેનો સંપૂર્ણ રીતે ભરેલી છે. ઘણી ટ્રેનોમાં વેઇટિંગ ટિકિટો હવે

...અનુસંધાન પાના 5 પર

### સુરત રૂટ પર મુખ્ય ટ્રેનોની સ્થિતિ, ટ્રેનનું નામ વર્તમાન સ્થિતિ

1. ૧૨૯૦૯ ગરીબ રથ એક્સપ્રેસ (ડબલ્યુએલ)
2. ૧૨૯૫૩ ઓગસ્ટ ક્રાંતિ રાજધાની (ડબલ્યુએલ)
3. ૧૨૯૦૩ ગોલ્ડન ટેમ્પલ મેઇલ (ડબલ્યુએલ)
4. ૦૯૦૫૨ સુરત-મેંગલુરુ
5. ૨૨૫૪૩ બાંદ્રા-લખનૌ (ડબલ્યુએલ)
6. ૧૨૯૫૩ પશ્ચિમ એક્સપ્રેસ
7. ૧૯૦૧૯ બાંદ્રા-હરિદ્વાર (ડબલ્યુએલ)
8. ૧૨૪૩૨ ત્રિવેન્દ્રમ રાજધાની
9. ૧૯૨૬૦ ભાવનગર-કોચુવેલી
10. ૧૬૩૧૧ શ્રીગંગાનગર-કોચુવેલી
11. ૨૦૯૩૨ ઇન્દોર-કોચુવેલી



### સુરતથી ગોવાની ફ્લાઇટના 4,000 ભાડાના 8000 થઇ ગયા

ટ્રેન ટિકિટ ન મળવાને કારણે ઘણા પ્રવાસીઓ હવાઈ મુસાફરી તરફ વળ્યા છે જેથી સુરત થી ગોવા સુધીના ફ્લાઇટ ભાડા, જે સામાન્ય રીતે 4,000 રૂપિયાની આસપાસ હોય છે, તે ક્રિસમસ અને નવા વર્ષના સપ્તાહના અંતે 7,000 થી 8,000 રૂપિયા સુધી વધી ગયા છે. દિલ્હી, રાજસ્થાન, બેંગલુરુ અને કોલકાતા રૂટ પર પણ ભાડામાં વધારો થવાની ધારણા છે.

### આ કારણસર માંગમાં વધારો

- ક્રિસમસ અને નવા વર્ષ માટે સતત રજાઓ
- શાળા અને કોલેજની શિયાળુ રજાઓ
- ગોવા અને કેરળ જેવા પર્યટન સ્થળો માટે પીક સીઝન
- મથુરા અને હરિદ્વાર જેવા ધાર્મિક સ્થળોએ ભીડ
- મોટી સંખ્યામાં સ્થળાંતર કરનારાઓ તેમના વતન રાજ્યોમાં પાછા ફર્યા

અચાનક તપાસમાં વેરા વસૂલાત, બાંધકામ, હિસાબી રેકોર્ડમાં ગંભીર ક્ષતિઓ

# તરસાડીમાં વેરાના 60 ટકા બાકીદારોનો રેકોર્ડ જ નથી

**ચીફ** ઓફિસરને ત્રણ દિવસમાં ખુલાસો માંગતી કારણદર્શક નોટિસ

**નિયમોના** ઉલ્લંઘનો છતાં એક જ કન્સલ્ટન્ટને 15 વર્ષથી કામ



સુરતઃ તરસાડી નગરપાલિકાની કામગીરી પર લાંબા સમયથી ઊઠી રહેલા પ્રશ્નો હવે સત્તાવાર તપાસમાં સામે આવ્યા છે. અધિક કલેક્ટર તથા પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાઓની કચેરી (સાઉથ ઝોન, સુરત) દ્વારા આજે કરાયેલી આકસ્મિક તપાસ દરમિયાન નગરપાલિકાના વેરા વિભાગ, બાંધકામ વિભાગ તેમજ હિસાબી રેકોર્ડમાં એક પછી એક ગંભીર ક્ષતિઓ બહાર આવી છે. આ મામલે નગરપાલિકાના ચીફ ઓફિસરને ત્રણ દિવસમાં ખુલાસો આપવા કારણદર્શક નોટિસ આપવામાં આવી છે.

આકસ્મિક તપાસ દરમિયાન જાણવા મળ્યું કે નગરપાલિકાએ વેરા વસૂલાતની કામગીરી માત્ર 40 ટકા જેટલી જ કરી છે. સૌથી ગંભીર બાબત એ છે કે મોટા બાકીદારોની યાદી, તેમને અપાયેલી નોટિસો કે વસૂલાત માટે કરાયેલા પ્રયાસો અંગે કોઈ જ લેખિત રેકોર્ડ રજૂ કરવામાં આવ્યો નથી. વસૂલાત જેવી મહત્ત્વની નાણાકીય કામગીરી માટે એકપણ અદ્યતન રજિસ્ટર નિભાવેલ ન હોવું વહીવટી બેદરકારીનું સ્પષ્ટ ઉદાહરણ હોવાનું તપાસમાં નોંધાયું છે. નગરપાલિકા દ્વારા

...અનુસંધાન પાના 5 પર

### બાંધકામ વિભાગના રજિસ્ટરમાં ગોટાળાની શંકા

બાંધકામ વિભાગના રજિસ્ટરની તપાસમાં પણ અનેક ખામીઓ બહાર આવી છે. બિલ રજૂ કર્યાની તારીખ દર્શાવેલી નથી, 'વ્હાઇટનર'થી ચેક ચાક કરાયેલા છે તેમજ ચીફ ઓફિસર દ્વારા રજિસ્ટરની ક્યારેય તપાસ કે ખરાઈ કરાઈ હોવાના કોઈ નિશાન નથી. રજિસ્ટરના પ્રથમ પાનેથી આજદિન સુધી ચૂકવણીની કોઈ વિગત ન હોવી હિસાબમાં ગોટાળાની આશંકા તરફ ઈશારો કરે છે.

### રોજમેળ બુક અને કેશબુક વર્ષોથી બેદરકારીનો ભોગ

તપાસ દરમિયાન રોજમેળ બુકમાં એકપણ પાના પર ચીફ ઓફિસરની સહી ન હોવાનું સામે આવ્યું છે. તા. 1 એપ્રિલ 2025થી આજદિન સુધી રજિસ્ટર તપાસ્યાનું ક્યાંય દર્શાતું નથી. વધુમાં, કેશબુક તા. 1 ફેબ્રુઆરી 2025 બાદ અપડેટ જ કરવામાં આવી નથી, જે સરકારી નાણાકીય નિયમોના ખુલ્લા ભંગ સમાન છે.

### રૂ. 2 કરોડના સોલાર પ્રોજેક્ટની એક વર્ષથી બિનજાળવણી

નગરપાલિકામાં અંદાજે રૂ. 2 કરોડના ખર્ચે સ્થાપિત કરાયેલ સોલાર પ્રોજેક્ટ અંગે પણ ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. એક વર્ષથી કોઈ અધિકારી કે એજન્સી દ્વારા તેની તપાસ કે જાળવણી કરવામાં આવી નથી, પરિણામે પ્રોજેક્ટની કાર્યક્ષમતા અંગે શંકા ઊભી થઈ છે.

### રૂ. 7.5 લાખનું પબ્લિક ટોઈલેટ વર્ષમાં જ ખંડેર

નગરપાલિકા દ્વારા સાડા સાત લાખ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલ પબ્લિક ટોયલેટ વર્ષ પણ પૂરું ન થયું હોવા છતાં સંપૂર્ણપણે તૂટી જઈ ખંડેર જેવી હાલતમાં જોવા મળી રહ્યું છે. ગુણવત્તા, દેખરેખ અને ખર્ચ અંગે ગંભીર સવાલો ઊભા થયા છે.

સુરત જિલ્લામાં 11.17 લાખ મતદારોનું મેપિંગ બાકી

# BLO ફરી 11.17 લાખ મતદાર પાસે રૂબરૂ જશે

**નોટિસથી** ભય ન ફેલાય તે માટે હિયરિંગ પ્રક્રિયા હાલ સ્થગિત

**BLO** દ્વારા પુરાવા એકત્ર કરવાની માનવીય પહેલ

સુરતઃ સુરત જિલ્લામાં મતદાર યાદીની શુદ્ધતા અને ચોકસાઈ માટે ચાલી રહેલી વેરિફિકેશન અને મેપિંગ પ્રક્રિયામાં મહત્ત્વપૂર્ણ વિગતો સામે આવી છે. જિલ્લામાં વેરિફાઈ થયેલા કુલ અંદાજે 36.23 લાખ મતદારમાંથી અત્યાર સુધી માત્ર 25.05 લાખ મતદારનું મેપિંગ પૂર્ણ થયું છે, જ્યારે આશરે 11.17 લાખ મતદારનું મેપિંગ હજુ બાકી હોવાનું જાણવા મળ્યું છે.

ચૂંટણી તંત્ર દ્વારા જે મતદારોનું મેપિંગ પૂર્ણ થયું નથી, તેમના કેસમાં મુખ્ય કારણ તરીકે પુરાવાઓ અધૂરા હોવાનો મુદ્દો સામે આવ્યો છે. આ મતદારોને નોટિસ આપી હિયરિંગ માટે બોલાવવાની પ્રક્રિયા 21મી ડિસેમ્બરથી શરૂ કરવાની યોજના હતી. જોકે, સામાન્ય નાગરિકોને નોટિસ મળે તો તેઓ ગભરાઈ જાય અને ભયની લાગણી પેદા થાય તેવી શક્યતા હોવાથી તંત્રએ હાલ માટે નોટિસ પ્રક્રિયા રોકી રાખવાનો નિર્ણય લીધો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હવે વધુ માનવીય અને સરળ માર્ગ અપનાવવામાં આવ્યો

...અનુસંધાન પાના 5 પર

# મુંબઈમાં થનારી સાત વર્ષની બાળકીની દીક્ષા મોકૂફ રખાઈ



**દીક્ષા** અટકાવવાના કેસમાં પત્નીનું ફેમિલી કોર્ટમાં સોગંદનામું

સુરતઃ મુંબઈમાં યોજાનારા સામૂહિક દીક્ષા મહોત્સવમાં સાત વર્ષની દીકરીને અપાનારી દીક્ષા અટકાવવા ફેમિલી કોર્ટમાં પિતાએ અરજી કરી હતી. આ અરજીની સુનાવણીમાં આજરોજ પત્નિએ ફેમીલી કોર્ટમાં સોગંદનામુ રજૂ કરીને દિકરીનો દીક્ષાનો કાર્યક્રમ મોકૂફ રાખ્યો હોવાનું જણાવ્યું હતું. વકીલ સ્વાતિ મહેતા મારફતે શેરબજારનું કામકાજ કરતા એક પિતાએ પોતાની સાત વર્ષની દીકરીને અપાનારી દીક્ષા અટકાવવા ફેમિલી કોર્ટમાં અરજી કરી હતી. આ કામનાં અરજદારે ધી ગાર્ડીયન એન્ડ વોર્ડઝ એક્ટ, ૧૮૯૦ ની કલમ-૧૨ મુજબની અરજીનાં કામે સી.પી.સી. ઓર્ડર રૂલ-૩૯, રૂલ-૧-૨ તથા કલમ-૧૫૧ મુજબની અરજી આપી હતી. ફેમીલી કોર્ટે સામાપક્ષના સામે નોટિસ ઈસ્યુ કરી હતી. આજરોજ પત્નિ પક્ષે વકીલ કેતન રેશમવાલા અને મિતુલ મોદી, વિવેક ભટ્ટ હાજર થઈ કોર્ટમાં એક એફિડેવિટ આપી હતી. એફિડેવિટમા જણાવ્યું હતું કે પુત્રીનો દિક્ષાનો કાર્યક્રમ તા. ૦૪/૦૨/૨૦૨૬ થી તા.૦૮/૦૨/૨૦૨૬ સુધી મોકુફ રાખેલ છે. સામાપક્ષની એફિડેવિટ બાદ આ કેસમાં આગામી સુનાવણી બીજી જાન્યુઆરીએ રાખવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

### દીકરીની દીક્ષા અંગે અરજદારને જાણ હોવાની દલીલ કરાઈ

સુરતઃ સુનાવણી દરમિયાન પત્નિનાં પક્ષ તરફથી દિકરીની દીક્ષા અંગે અરજદારને જાણ હોવાની દલીલ સાથે બંને પક્ષે દલીલો પણ થઈ હતી. સાથે દીક્ષા પહેલાંની ધાર્મિક વિધિનાં ફોટોગ્રાફ્સ પણ રજુ કર્યા હતા.

# આ સપ્તાહમાં સુરત સહિત દ.ગુજરાતમાં કડકડતી ઠંડી પડશે

**ઉત્તર** ભારતમાં બરફવર્ષાની અસર દેખાશે, વાદળછાયા વાતાવરણ વચ્ચે તાપમાનમાં સામાન્ય વધારો

સુરતઃ સુરત શહેરમાં આજે દિવસભર વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. ગઈકાલે પણ શહેરમાં આછું વાદળછાયું વાતાવરણ રહ્યું હતું, જેના કારણે તાપમાનમાં મોટો ફેરફાર નોંધાયો ન હતો.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજે શહેરમાં મહત્તમ તાપમાન ગઈકાલની સરખામણીએ અડધો ડિગ્રી વધીને 31.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ

...અનુસંધાન પાના 5 પર

### આજથી રાજ્યમાં તાપમાન 2થી 3 ડિગ્રી ગગડી જશે

ગાંધીનગર : રાજયમાં હાલમાં ઠંડીમાં થોડી રાહત છે પરંતુ આગામી 24 કલાક પછી તાપમાનનો પારો 2થી3 ડિગ્રી સુધી નીચે ગગડી જશે. આજે સોમવારે રાજયમાં કેશોદમાં તાપમાનનો પારો 12.8 સુધી ઉતરી ગયો હતો. જયારે ભૂજમાં 34 ડિ.સે., કંડલામાં 33 ડિ.સે., પોરબંદરમાં 33 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 31 ડિ.સે., ડીસામાં 32 ડિ.સે., અમદાવાદમાં 31 ડિ.સે. અને સુરતમાં 31 ડિ.સે. ગરમી નોંધાવવા પામી હતી. રાજયમાં આજે સોમવારે ઠંડીનો ચમકારો ઘટયો છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં સામાન્ય કરતાં ઊંચુ તાપમાન નોંધાવવા પામ્યુ છે. કેશોદમાં ઠંડીની અસર વર્તાઈ રહી છે. આજે રાજયની સૌથી વધુ ઠંડી 12.8 ડિ.સે. કેશોદમા નોંધાવવા પામી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ રાજયમાં આગામી 24 કલાક બાદ 2થી 3 ડિગ્રી જેટલી ઠંડીનો પારો નીચે ગગડી જશે. હવામાન વિભાગના સુત્રોએ કહ્યું હતું કે રાજયના અન્ય શહેરો પૈકી ભૂજમાં 17 ડિ.સે.,નલિયામાં 15 ડિ.સે.,કંડલા પોર્ટ પર 18 ડિ.સે.,કંડલા એરપોર્ટ પર 15 ડિ.સે., અમરેલીમાં 13 ડિ.સે., ભાવનગરમાં 16 ડિ.સે.,રાજકોટમાં 15 ડિ.સે.,સુરેન્દ્રનગરમાં 16 ડિ.સે.,મહુવામાં 14 ડિ.સે., કેશોદમાં 12.8 ડિ.સે., અમદાવાદમાં 17 ડિ.સે.,ડીસામાં 15 ડિ.સે., ગાંધીનગરમાં 17 ડિ.સે.,વલ્લભ વિદ્યાનગરમાં 17 ડિ.સે.,વડોદરામાં 14 ડિ.સે.,અને સુરતમાં 19 ડિ.સે.,અને દમણમાં 17 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાવવા પામ્યું છે.

# સચિનમાં ભાઈના લગ્ન માટે એકત્ર કરેલા દાગીના ચોરાયા

**બોણંદ** ગામમાં રોકડ, દાગીના મળી પાંચ લાખની ચોરી, ચોરીમાં કોઈ જાણભેદુ હોવાની શક્યતા

સુરતઃ સચિન વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ હોવા છતાં તસ્કરોના આતંકે ફરી એક વખત કાયદો-વ્યવસ્થાને પડકાર ફેંક્યો છે. બોણંદ ગામમાં અજાણ્યા તસ્કરોએ દિવાલ કૂદીને એક મકાનમાં પ્રવેશ કરી તિજોરીમાંથી રોકડ અને દાગીનાં મળી કુલ પાંચ લાખ રૂપિયાની ચોરી કરી હતી.

સચિનના બોણંદ ગામમાં આવેલી રાહી માર્વેલર્સ સોસાયટીમાં રહેતા સત્યમ પ્રેમકુમાર વિશ્વકર્માના ઘરે ગત રાત્રે ચોરીની ગંભીર ઘટના સામે આવી હતી. સત્યમ વિશ્વકર્મા સચીન હોજીવાલા રોડ નં. 5 પર આવેલી રોહિલ ફેશન કંપનીમાં છેલ્લા બે વર્ષથી મેઇન્ટેનેન્સ એન્જિનિયર તરીકે ફરજ બજાવે છે. ફરિયાદ મુજબ, આવતા વર્ષના ડિસેમ્બર મહિનામાં તેમના ભાઈના લગ્ન માટે ભાભીને આપવા માટે સત્યમભાઈએ ધીમે ધીમે દાગીનાં એકત્રિત કરી રાખ્યા હતા. આ ઉપરાંત તેમની બહેનના દાગીના પણ ઘરની તિજોરીમાં જ રાખવામાં આવ્યા હતા. તિજોરીની ચાવી સાવધાનીના ભાગરૂપે સોફાના ગાદીના નીચે મૂકવામાં આવી હતી. ગઈકાલે મોડી રાત્રે અજાણ્યા તસ્કરોએ ઘરના પાછળના ભાગે આવેલા ફળિયામાંથી દિવાલ કૂદીને પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ રસોડાની બારીનું લોક તોડી તેઓ અંદર ઘુસ્યા હતા. ઘરમાં પ્રવેશ્યા

...અનુસંધાન પાના 5 પર

# મહિલાઓ મારી માં-બહેન છે, ફરી આવી છેડતી નહીં કરું

**ઉધના**-પાંડેસરામાં મોર્નિંગ વોકમાં નીકળતી મહિલાઓની છેડતી કરનારા રોમિયોને પોલીસે સબક શિખવાડ્યો

સુરતઃ ઉધના અને પાંડેસરા વિસ્તારમાં વહેલી સવારે ચાલવા નીકળતી મહિલાઓને ટાર્ગેટ કરી હિપ્સ ઉપર હાથ ફેરવી છેડતી કરનારા રોમિયોને ઉધના પોલીસે પકડી પાડ્યો છે.

ઉધના પોલીસ પાસે મળતી માહિતી મુજબ, ઉધના વિસ્તારમાં રહેતી 32 વર્ષીય પરિણીતા ગત 21મીના રોજ વહેલી સવારે મોર્ય માર્બલથી ઝાંસી કી રાણી ગાર્ડન સુધી ચાલવા નીકળી હતી. આ દરમિયાન એક બાઈક સવારે પાછળથી આવી તેમના કુલા દબાવી છેડતી કરી હતી. એટલેથી જ વાત નહીં અટકતા તે આગળ જઈને ઊભો રહ્યો હતો. પરિણીતા ત્યાંથી પસાર થતા ફરી વખત બીભત્સ ઈશારા કરવા લાગ્યો હતો. જેથી પરિણીતાએ તાત્કાલિક 112 પર કોલ કરી પોલીસને જાણ કરી હતી.

ઉધના પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી, જો કે પરિણીતાએ કોઈને કોલ કર્યો હોવાની શંકા જતા રોમિયો ત્યાંથી ભાગી છૂટ્યો હતો. પોલીસે મહિલાની ફરિયાદ લઈ બાઈકના નંબરને આધારે રોમિયોની શોધખોળ શરૂ કરી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં વિકાસ વિશ્રામ નિષાદ (ઉ.વ.20, રહે રાધાકૃષ્ણ સોસાયટી ભીડભંજન પાંડેસરા, મુળ.યુપી)

...અનુસંધાન પાના 5 પર


અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

દુ:ખદ અવસાન - બેસણું



સ્વ. મહેશચંદ્ર અમૃતલાલ વ્યાસ, સ્વ.તા. 21-12-2025

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા વડીલ શ્રી મહેશચંદ્ર અમૃતલાલ વ્યાસનો તા. 21 ડિસેમ્બર 2025 ના રવિવાર ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. સદ્દગત નું બેસણું 28 ડિસેમ્બર 2025 ના રવિવાર ના રોજ બપોરે 2:00 વાગ્યે થી 5:00 વાગ્યા દરમિયાન એમના નિવાસ સ્થાને રાખેલ છે

નિવાસ સ્થાન : 55, વ્રજભૂમી બંગલોઝ, રામબાગની પાછળ, શિશુ મંદિર સ્કૂલ પાસે, બારડોલી 394601

લિ.

સુભાષચંદ્ર અમૃતલાલ વ્યાસ, ડો. અનુપભાઈ પ્રવિણચંદ્ર વ્યાસ, ધવલ રમેશચંદ્ર વ્યાસ, નિકુંજ રમેશચંદ્ર વ્યાસ, દિપકભાઈ પ્રવિણચંદ્ર વ્યાસ, ડો. ગૌતમકુમાર મહેશચંદ્ર વ્યાસ, હિતેશકુમાર મહેશચંદ્ર વ્યાસ, પૂર્વેશ સુભાષચંદ્ર વ્યાસ

૧૩મી પૂણ્યતિથીએ શ્રધ્ધાંજલી



સ્વ. પાર્વતીબેન છોટુભાઈ પટેલ સ્વ. તા. ૨૩-૧૨-૨૦૧૨

મનુષ્ય જીવન મળવું એ ભાગ્યની વાત છે. મૃત્યુ થવું એ સમયની વાત છે. મૃત્યુ પછી પણ લોકોના હૃદયમાં જીવીત રહેવું એ જીંદગી કરેલા સારા કર્મોની વાત છે. તમે આજે પણ અમારા હૃદયમાં સ્મૃતીરૂપે જીવીત છો. પ્રભુ આપનાં દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એવી અમારી સૌની પ્રાર્થના.

લિ.

છોટુભાઈ નમાભાઈ પટેલ, દીપક છોટુભાઈ પટેલ, મનીષા દીપક પટેલ, યોગેશ છોટુભાઈ પટેલ, ચિન્તી યોગેશ પટેલ, નવીનભાઈ કે. પટેલ, મીના નવીનભાઈ પટેલ, દક્ષેશભાઈ જી. નાનજી, ડીમ્પલ દક્ષેશભાઈ નાનજી, જેની, જય, દર્શ, સમૃધ્ધિ, વિદ્યા, પ્રથમ, સિધ્ધી

(૭૦૪/એ-૨, સાંસ્કૃત એપાર્ટમેન્ટ, પીપલોદ, સુરત)

ઐદિચ્ય સહસ્ત્ર ઉન્નતિ સમાજ



સ્વ. અંજનાબેન વિભાકર સ્માર્ત સ્વ.તા. ૨૨-૧૨-૨૦૨૫

સખેદ જણાવવાનું કે, મારા પત્ની અંજનાબેન વિભાકર સ્માર્તનું દુ:ખદ અવસાન તા: ૨૨-૧૨-૨૦૨૫ને સોમવારનાં રોજ થયેલ છે.

બેસણું તા. ૨૩-૧૨-૨૦૨૫ને મંગળવાર, સાંજે ૪ થી ૬, સ્થળ : J/404, બેજનવાળા કોમ્પ્લેક્ષ, તાડવાડી પાસે, રાંદેર રોડ, સુરત.

લૌકિક રીવાજો બંધ રાખેલ છે.

લિ. વિભાકર સ્માર્ત

સ્વ. પ્રભાકર સ્માર્ત, અશ્વીનીબેન સ્માર્ત, મેહુલ સ્માર્ત, ધરા સ્માર્ત, અવનીબેન નાયક, શોભનભાઈ નાયક, પ્રેમલભાઈ સ્માર્ત, લીનાબેન સ્માર્ત, ધ્રુવ નાયક, આનલ નાયક, યશ્વી સ્માર્ત, સ્તુતિ સ્માર્ત

સમસ્ત સ્માર્ત પરિવાર

વિભાકર સ્માર્ત Mo. No. 9510269070
મેહુલ સ્માર્ત Mo. No. 7016201351
ધરા સ્માર્ત Mo. No. 9978444880